ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# નરેન્દ્ર મોદી અને મારા ડીએનએ સરખા છે, અમારો સ્વભાવ સરખો છે : ગડકરી

**પીએમ પદ માટે હાલ કોઈ ઉમેદવાર નક્કી કર્યો નથી, મોદીને નારાજ કરી શકાય તેમ ન હોવાથી સંજય જોષીને દૂર કર્યા : મોદી શક્તિશાળી નેતા છે-ડેવલપમેન્ટ રોલ મોડલ : ઉમેદવાર નક્કી કરતા પહેલાં અમને પૂછ્યું હોત તો અમે પ્રવણ મુખરજીને ટેકો આપ્યો હોત**

**(વિશેષ પ્રતિનિધિ)**

ગાંધીનગર,તા.૩

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો સ્વભાવ મારા જેવો છે કારણ કે અમારા ડીએનએ મળે છે. મને તેમના નિર્ણયો ગમે છે. ભાજપના કદાવર નેતા છે. શક્તિશાળી નેતા છે. પાર્ટીના હિતમાં મોદીને નારાજ કરી શકાય નહીં તેથી સંજય જોષીને દૂર કરવામાં આવ્યા છે.



આ શબ્દો છે, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નિતીન ગડકરીના.. તેમણે એનડીટીવીની એક ખાસ મુલાકાતમાં કબુલ કર્યું હતું કે પાર્ટીમાં કોઈ મોટા નેતાને કોઈની સામે અણગમો હોય તો તે અંગે પગલાં લેવા પડે. નિતીન ગડકરીએ વિશ્વાસ સાથે કહ્યું હતું કે ૨૦૧૪માં એનડીએ કોંગ્રેસ અને યુપીએનો એક મજબૂત વિકલ્પ બનશે અને સત્તામાં આવશે. અમારા વિકલ્પ અન્ના હજારે અને બાબા રામદેવ હોઈ શકે નહીં.

ભાજપના રાષ્ટ્રપતિની ચૂંટણી અંગે પોતાનું સ્ટેન્ડ ક્લિયર કરતાં કહ્યું કે યુપીએ સરકારે ઉમેદવારનું નામ જાહેર કરતાં પહેલાં અમને પૂછ્યું હોત તો અમે પ્રણવ મુકરજીને ચોક્કસ ટેકો આપ્યો હોત, કારણ કે આ નામ ઉપર ભાજપમાં પણ ઘણાં નેતા સહાનુભૂતિ ધરાવતા હતા પરંતુ ઉમેદવાર નક્કી કરીને ટેકો માગવો વ્યાજબી ન હતો. સોનિયા ગાંધી અને મનમોહનસિંહે અમને સન્માનપૂર્વક પૂછવું જોઈતું હતું. ઉમેદવાદ જાહેર કરીને જાણ કરી શકાય નહીં. અમે પણ જવાબદાર વિપક્ષની ભૂમિકામાં છીએ.

અડવાણી સાથે મતભેદો હોવાનો ઈન્કાર કરી ગડકરીએ કહ્યું હતું કે તેઓ અમારા સિનિયર નેતા છે. તેઓ જે કંઈ કહે જે કંઈ લખે તેમાં અમારો વિરોધ હોઈ શકે જ નહીં. બલ્કે તેમના સૂચનો અને સુધારો અમલમાં મૂકાશે. તેમના કોઈ નિર્ણય સામે પ્રતિક્રિયા આપતો નથી.

ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં ભૂલો થઈ હોવાની કબૂલાત કરી હતી અને કહ્યું હતું કે અમે અમારી ભૂલોને સુધારી લીધી છે અને શહેરી સંસ્થાઓમાં સારો દેખાવ કર્યો છે.

દિલ્હીની રાજનિતીથી દૂર છું તેવું તેમણે બયાન આપ્યું હતું અને કહ્યું હતું કે મેં પાર્ટી પાસે ક્યારેય કોઈ પદની માગણી કરી નથી. મને સામેથી મળ્યું છે. આગળ જતાં પણ હું કંઈ માગવાનો નથી. અડવાણી મારા પ્રેરણાદાતા છે. તેમનામાં મને શ્રદ્ધા છે. કાલે મને દૂર કરાશે તો પાર્ટીના કાર્યકર તરીકે કામ કરીશ.

નરેન્દ્ર મોદીને ખુશ કરવા તમે સંજય જોષીને હટાવી દીધા છે તેવું ભાજપમાં પણ ચર્ચાઈ રહ્યું છે, તમે જ સંજય જોષીને ભાજપમાં પાછા લાવ્યા હતા, આવું કેમ થયું.. તેવા પ્રશ્નના જવાબમાં ગડકરીએ કહ્યું હતું કે ક્યારેક પાર્ટીના હિતમાં નિર્ણયો લેવા પડતા હોય છે. જોશીને હટાવવામાં મારી હાર હોય તો તે મને મંજૂર છે. કારણ કે મારી એક હજાર હાર થશે તો પણ મને મંજૂર છે પરંતું પાર્ટીનું અહિત થવા દઈશ નહીં. મેં જે નિર્ણય કર્યો છે તે પાર્ટીના હિતમાં કર્યો છે.

નરેન્દ્ર મોદી મારા જેવા નેતા છે. તેમનો સ્વભાવ અને મારો સ્વભાવ સરખો છે. અમારા ડીએનએ સરખા છે. પાર્ટીના મોટા શક્તિશાળી નેતા છે. જોશીને રાખીને નરેન્દ્ર મોદીને નારાજ કરી શકાય તેમ ન હતા તેથી દૂર કરવામાં આવ્યા છે.

મોદીએ ગુજરાતનો વિકાસ કર્યો છે. તેઓ ડેવલપમેન્ટ રોલ મોડેલ છે. તેમને લોકો બદનામ કરે છે. ગુજરાતમાં પોસ્ટર વોર થયું તે ખુદ સંજય જોષી પણ જાણતા ન હતા. આ પોસ્ટર વોર પાછળ કોંગ્રેસ જવાબદાર છે. કોંગ્રેસના લોકોએ જ પોસ્ટર લગાવીને બદનામી કરી છે.

૨૦૧૪માં એનડીએની સરકાર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી તેમણે કહ્યું કે કેટલીક વખત કોમ્પ્રોમાઈઝ કરવું પડે છે પરંતુ

● અનુસંધાન પાન-૭ પર



મોરનો મેહુલીયાને સાદ - મોર ટહુકા કરે... એટલે સામાન્ય રીતે એવી માન્યતા છે કે, વરસાદને સાદ દે છે. ’ને મેહુલિયો મોરનો સાદ સાંભળીને વરસે છે.... ગુજરાતમાં વરસાદના એંધાણા થાય છે પણ વરસતો નથી એટલે મોર અને ઢેલનો પરિવાર ગળામાંથી ટહૂકા ટહૂકા ભરી ભરીને ટેકરી પરથી મેહૂલીયાને સાદ દે છે કે, હવે તો વરસો.... (તસવીર : યશપાલસિંહ વાઘેલા, થરા)

# શહેરના વિવિધ સેક્ટરોમાં ૫૦૦ જેટલા બાંકડા મુકાયા

## શાળા, મંદિરો અને દવાખાનાં આસપાસ પણ બાંકડાની સુવિધા

ગાંધીનગર, તા. ૩

પાટનગર યોજના વિભાગ દ્વારા નગરમાં જાહેર સ્થળોએ બાકડા મુકવાનું અભિયાન હાથ ધરાયું હતું. આ દરમિયાન સેક્ટરોમાં નિયત સ્થળો ઉપરાંત શાળા સંકુલ, દવાખાના તેમજ મંદિરો આસપાસ પણ બાકડાની બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. તંત્ર દ્વારા છેલ્લા દોઢ મહિનામાં ૫૦૦ જેટલા બાકડા મુકવામાં આવ્યા છે.

શહેરના વિવિધ જાહેર સ્થળો ઉપરાંત મુખ્ય માર્ગોના કોર્નર પોઈન્ટ પાસે અગાઉ તંત્ર દ્વારા બાકડા મુકવામાં આવ્યા હતા. જ્યારે માર્ગ નવીનીકરણ અને ફૂટપાથની કામગીરીના અંતે શહેરના સેક્ટરોમાં જરૂરી સ્થળોએ બાકડા મુકવા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. લાખોના ખર્ચે હાથ ધરાયેલ આ કામગીરી દરમિયાન પાટનગર યોજના વિભાગ દ્વારા સેક્ટરોના આંતરિક વિસ્તાર સહિત નગરની શાળાઓ, મંદિરો તેમજ દવાખાના આસપાસના વિસ્તારોમાં પણ બાકડા મુકી આમ નાગરિકો માટે બેઠક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ ઉપરાંત સેક્ટરોના આંતરિક વિસ્તારોમાં પણ અભ્યાસના અંતે નિયત કરાયેલ પોઈન્ટ પર બાકડા ગોઠવી દેવાયા હોવાનુ સૂત્રોએ જણાવ્યું છે.

# ગુજરાતના વિકાસથી ખૂબ પ્રભાવિત થયો છું : બાદલ

## પંજાબના મુખ્યમંત્રીની મોદી સાથે વાતચીત

ગાંધીનગર, તા.૩

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની આજે ગાંધીનગરમાં પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલે સૌજન્યુ મુલાકાત લીધી હતી. ગુજરાતમાં મુખ્યમંત્રીના નેતૃત્વમાં ઔદ્યોગિક, કૃષિ, આર્થિક વિકાસયાત્રા જે રીતે પથદર્શક બની રહી છે તેની રૂપરેખાથી પંજાબના મુખ્યમંત્રી અને તેમનું પ્રતિનિધિમંડળ ખૂબ જ પ્રભાવિત થયું હતું. મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં મહાત્મા મંદિરના નિર્માણનો પ્રથમ તબક્કો માત્ર ૧૮૨ દિવસમાં સંપન્ન થયો તેની ભૂમિકા આપી મહાત્મા મંદિર પ્રોજેક્ટ અને સરદાર સરોવર નર્મદા બંધના સાનિધ્યમાં ભારતની એકતાના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સાથેનું ઐતિહાસિક સ્મારક સ્ટેચ્યુ ઓફ યુનિટી આકાર લેવાનું છે તેની તથા કચ્છ-માંડવીના દરિયાકાંઠે ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્માના ક્રાંતિતીર્થ સ્મારકની રૂપરેખા પણ આપી હતી.



# પુરુષોત્તમ સોલંકી સામે ભ્રષ્ટાચારના આક્ષેપોની તપાસ જિલ્લા પોલીસવડાને કરવા આદેશ

ગાંધીનગર, તા. ૩

રાજ્યમંત્રીશ્રી પુરૂષોત્તમ સોલંકી સામે ભ્રષ્ટાચારના આરોપો અંગે સી.આર.પી.સી.ની કલમ ૨૦૨ અંતર્ગત તપાસ કરી અને ૬ ઓક્ટો.-૨૦૧૨ સુધીમાં જિલ્લા પોલીસ વડા ગાંધીનગરને પોતાનો અહેવાલ આપવા ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટના પ્રિન્સીપલ જજ શ્રી જી.કે. ઉપાધ્યાયે આજે હુકમ કર્યો છે.



જિલ્લાની સાંધ્ય કોર્ટમાં આજે આ અંગે ફરિયાદ ઈશાકભાઈ મરડિયાએ પોતાની ફરિયાદ રજુ કરી હતી જે અંગે તેમના વકીલ શ્રી વિક્રમ ઠાકોરે દલીલો કરી હતી.

જનસંઘર્ષ મંચના શ્રી મુકુલ સિંહાની સાથે શ્રી ઈશાકભાઈ મરડિયા અને તેમના વકીલો આવી પહોંચ્યા હતા. તેમણે તેમની દલીલોમાં આ કેસ બનતો હોવાથી ગુનો નોંધી તપાસ કરવાની રજુઆત કરી હતી.

કોર્ટે રમજાન માસ હોવાથી સાંજના રોજા છોડવાનો સમય થતાં ફરિયાદીએ રોજા છોડવા માટેની મંજૂરી માંગી હતી જે માન્ય રાખવામાં આવી હતી.

પ્રિન્સીપલ જજ શ્રી જી. કે. ઉપાધ્યાયે આજે મોડી સાંજે આ અંગેનો હુકમ કર્યો હતો. જેમાં ગાંધીનગર જિલ્લા પોલીસ વડાને સી.આર.પી.સી.ની કલમ ૨૦૨ તથા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ની કલમ-૧૭ હેઠળ ફરિયાદ સંબંધિત તપાસ કરી ૬ ઓક્ટો. સુધીમાં અહેવાલ આપવા જણાવ્યું છે.

કોર્ટ કેમ્પસ બહાર જનસંઘર્ષ મંચના શ્રી મુકુલ સિંહાએ જણાવ્યું હતુ કે તેઓ આ કેસમાં પોલીસ તપાસ નહિ પણ સી.બી.આઈ. તપાસની માંગણી વડી અદાલતના દ્વાર ખટખટાવી કરશે.

સાંધ્ય કોર્ટ શરૂ થતાં જ ફરિયાદીના વકીલ શ્રી મુકુલ સિંહાના સાથી શ્રી વિક્રમ ઠાકોરે સાત પાનાની ફરિયાદ તથા ફરિયાદના સમર્થનમાં સંબંધિત પુરાવાઓ, ચુકાદાઓ વગેરે મલી ૧૧૦ પાનાની ફરિયાદ રજૂ કરી હતી.

નામદાર કોર્ટ દ્વારા આ સંબંધમાં ફરિયાદી શ્રી ઈશાક મરડિયાની જુબાની લીધી હતી તથા તેની નકલ ફરિયાદી તથા તેના વકીલશ્રીને તેના અભ્યાસ માટે આપી હતી. ત્યાર બાદ બંધ બારણે પ્રિન્સીપલ જજ શ્રી જી. કે. ઉપાધ્યાયે પોતાનો ચુકાદો લખાવી અને ખુલ્લી અદાલતમાં આ હુકમ જાહેર કર્યો હતો.

# કાટવર્ણી ટપકાંવાળી બિલાડી ઉત્તર ગુજરાતના જેસોર વન્યજીવ અભ્યારણ્યમાં જોવા મળી

## ગાંધીનગરના કમલેશ જોષીએ ૩૧ જુલાઈએ નિહાળી

ગાંધીનગર, તા. ૩

ગુજરાતીમાં જોવા મળતી સાત પ્રકારની બિલાડીઓ પૈકી સૌથી નાની



બિલાડી એટલે કાટવર્ણી ટપકાંવાળી બિલાડી દેશી બિલાડી કરતાં અડધુ કદ (૬૫ સે.મી.) હોય છે. તેનું વજન ૩ કિલો કરતા ઓછુ અને આયુષ્ય ૧૬ વર્ષનું હોય છે. સંવનનકાળ ઉનાળામાં હોય છે. જે ૬૭ દિવસના ગર્ભકાળ બાદ ૨ થી ૩ બચ્ચાં ઝાડની બખોલમાં આપે છે. જે મુખ્યત્વે આછા જંગલ વિસ્તાર, ઘાસીયા મેદાન, ખડકાળ જંગલ વિસ્તારમાં છુટી છવાઈ અને ભાગ્યે જ જોવા મળે છે.

ગુજરાતમાં સૌ પ્રથમવાર કાટવર્ણી ટપકાંવાળી બિલાડી વાંસદાના મહારાજ દિગવિરેન્દ્રસિંહે વાસંદા નેશનલ પાર્કમાં અને ત્યારબાદ ડાંગના જંગલોમાં જોઈ હતી. ત્યારબાદ સૌ પ્રથમ ફોટોગ્રાફ ૧૯૯૦માં ગીર જંગલોમાં ભરતભાઈ પાઠક દ્વારા લેવામાં આવેલ ત્યારબાદ કૃણાલ પટેલને કેવડી-ફાંગીયા, રતનમહાલ આજુબાજુના જંગલોમાં જોવા મળેલ ત્યારબાદ હાલમાં ૩૧ જુલાઈ-૨૦૧૨ના રોજ જેસોર વન્ય જીવ અભ્યારણની દાંતીવાડા રેન્જમાં જી.પી.એસ. લોકેશન ૨૪ ૨૩’ ૩૨’ N-૭૨ ૨૩’ ૫૬’ E માં જોવા મળેલ આ ઘટના ઉત્તર ગુજરાતમાં નોંધાયેલ સૌ પ્રથમ ઐતિહાસિક ઘટના છે. આ પહેલા ઉત્તર ગુજરાતમાં આ બિલાડી ક્યારેય જોવા મળેલ નથી.

કાટવર્ણી ટપકાંવાળી બિલાડીના શરીરનો રંગ બદામી ભૂખરો તેમજ શરીર પર હારબંધ કાટ જેવા રંગના ટપકાં આવેલા હોય છે. જે તેની વિશિષ્ટ ઓળખ છે અને તેને બીજી જંગલી બિલાડીઓથી અલગ તારવે છે. કાટવર્ણ ટપકાંના કારણે જ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ભાજપની સોમવારે મહત્વની બેઠક

અમદાવાદ, તા.૩

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીને અનુલક્ષીને ભાજપ દ્વારા મહાવિજય અભિયાન ચાલી રહ્યું છે એના ભાગરૂપે રાજ્યના ભાજપના અગ્રણી કાર્યકરો, ચૂંટાયેલા પ્રતિનિધિઓની હાજરીમાં મહત્વની પ્રદેશ બેઠક આગામી તા. ૬ ઠ્ઠી ઓગસ્ટના રોજ બપોરે ૧૨ કલાકે ગાંધીનગર ટાઉન હોલ ખાતે મળશે. આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ આર. સી. ફળદુ અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ. કે. જાડેજાએ જણાવ્યું છે કે, ગુજરાતની આગામી વિધાનસભાની ચૂંટણીમાં સત્તા પુનરાવર્તનના નારાને વધારે ગુંજતો કરવા માટે સ્વાર્થી સત્તાલોલુપ તત્વોની નકારાત્મકતાને જાકારો આપવાના કોંગ્રેસના જુઠ્ઠાણાને જનજનમાં ખૂલ્લા પાડવાના અનેક કાર્યક્રમો તેમજ આંદોલનાત્મક વ્યૂહ આ બેઠકમાં ઘડવામાં આવશે. કેન્દ્રની ભાવ વધારા અને ભ્રષ્ટાચારની નીતિઓને લોકો સુધી લઈ જવાશે. આ બેઠકમાં પ્રદેશના હોદ્દેદારો, મોરચા અને સેલના અગ્રણીઓ જિલ્લા-મહાનગરોના ઈન્ચાર્જ તેમજ પ્રમુખ ચેરમેન-વાઈસ ચેરમેનો, બોર્ડ-નિગમોના ચેરમેન-વાઈસ ચેરમેનો, ધારાસભ્યો, મહાનગર પાલિકાઓના ભાજપના તમામ પદાધિકારીઓ વગેરે ઉપસ્થિત રહેશે.

# ધોરણ ૧૦ પૂરક પરીક્ષાનું આજે પરિણામ

અમદાવાદ, તા.૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો. ૧૦ બોર્ડની પૂરક પરીક્ષાનું આવતીકાલે ૪ થી ઓગસ્ટે પરિણામ જાહેર કરાશે. પરીક્ષામાં ૧.૨૩ લાખ વિદ્યાર્થીઓ બેઠા હતા. બોર્ડ દ્વારા સવારે ૧૧ થી બપોરે ૪ દરમિયાન પ્રત્યેક શાળામાંથી પોતાની માર્કશીટ મેળવી લેવા વિદ્યાર્થીઓને જણાવાયું છે.










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com